**આઇ.સી.એ.આર./કેવીકે/અધર એજન્સી યોજનાઓના ઓડીટ યુટીલાઇઝેશન સર્ટીફીકેટ જે તે એજન્સીને મોકલવા તેમજ બચત ગ્રાન્ટ ચાલુ વર્ષ માટે રીવેલીડેટ કરવા બાબત...**

**હિસાબ નિયામકશ્રીની કચેરી**
**આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ**
જા.નં.આકૃયુ/હિનિ/કંટ્રોલ શાખા/ ૧૩૬૦ /૨૦૧૯
તા.૨૭/૦૫/૨૦૧૯

**-: પરિપત્ર :-**

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ગત નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં આપની કચેરીમાં ચાલતી આઇ.સી.એ.આર./કે.વી.કે./ અધર એજન્સીઓના પ્રોજેક્ટ/યોજનાઓના ઓડીટ યુટિલાઇઝેશન સર્ટીફીકેટ તૈયાર કરી આપની કચેરી ખાતે મોકલી આપવામાં આવેલ છે. આપની કચેરીના જે તે યોજનાકીય રેકર્ડ/રજીસ્ટરો સાથે એ.યુ.સી.નાં આંકડાઓની ખરાઇ કરીને જે તે ફંડીગ એજન્સીને ઇ-મેઇલ તેમજ આર.પી.એ.ડી. દ્વારા વહેલી તકે મોકલી આપવાનાં રહેશે.

આઇ.સી.એ.આર./કે.વી.કે./ અધર એજન્સી યોજનાઓના નિતિ નિયમોને આધિન ગત વર્ષની બચત રહેલ ગ્રાન્ટ ચાલુ વર્ષ: ૨૦૧૯-૨૦માં ખર્ચ કરવા ગ્રાન્ટ પુન:જીવિત / રીવેલીડેટ કરવા આ સાથે સામેલ પત્રકમાં જરૂરી માહિતી તૈયાર કરી જરૂરી આધાર/પુરાવા/એ.યુ.સી.ની નકલ સાથેની દરખાસ્ત સંશોધન નિયામકશ્રી/વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની ભલામણ સાથે મોડામાં મોડી **તા.૧૫/૦૬/૨૦૧૯** સુધીમાં અત્રેની કચેરીને મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. વધુમાં **તા.૦૧/૦૭/૨૦૧૯**થી કોઇ પણ યોજનામાં રીવેલીડેશન અંગેના હુકમો બાકી હશે તો કોઇ પણ પ્રકારના ખર્ચ કરી શકાશે નહી તેની ખાસ નોંધ લેશો. જે કોઇ યોજનાઓમાં ગત વર્ષમાં ગ્રાન્ટ માઇનસ ગયેલ હોય તો ચાલુ વર્ષ દરમ્યાન મેળવી લેવાની સંપૂર્ણ જવાબદારી જે તે પ્રોજેક્ટ ઇનચાર્જ અને યુનિટ અધિકારીશ્રીની રહેશે.

અગાઉના વર્ષો દરમ્યાન આપની કચેરીમા ચાલતી જે કોઇ યોજનાઓ બંધ થઇ ગયેલ હોય અથવા તો ચાલુ વર્ષ બંધ કરવાની હોય તેની દરખાસ્ત પણ જરૂરી આધાર/પુરાવા સાથે તૈયાર કરી સંશોધન નિયામકશ્રી/વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની મંજુરી મેળવ્યા બાદ અત્રેની કચેરીને **તા.૧૫/૦૬/૨૦૧૯** સુધીમાં મોકલી આપવાની રહેશે, જેથી ૨૦૧૮-૧૯નાં વાર્ષિક હિસાબમાં તેની નોંધ કરી શકાય. જે કોઇ પ્રોજેક્ટ/યોજના બંધ કરેલ હોય અથવા તો બંધ કરવાની હોય તો તેમાં બચત રહેલ ગ્રાન્ટ જે તે ફંટીગ એજન્સીને પરત કરવા અથવા તો યુનિવર્સિટી ડેવલપમેન્ટ ફંડમાં જમા કરાવવાની મંજુરી મેળવી અત્રેની કચેરીને **તા.૧૫/૦૬/૨૦૧૯** સુધીમાં જાણ કરવાની રહેશે. તેની નોંધ લેશો.

(આર.એચ. ગોંડલીયા)
**હિસાબ નિયામક**

પ્રતિ,
૧. તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ કરવા સારૂ.
૨. તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ કરવા સારૂ.

નકલ સવિનય રવાના:
૧. સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
૨. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

## રીવેલીડેશનની દરખાસ્ત કરવા માટેનું પત્રક

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રોજેકટનું નામ (પ્રોજેકટનું નામ પુરેપુરૂ લખવું) | : | |
| ૨. | બજેટ સદર | : | |
| ૩. | પ્રોજેકટ ઇનચાર્જનું નામ/હોદ્દો/યુનિટનું નામ | : | |
| ૪. | ફંડીગ એજન્સીનું નામ | : | |
| ૫. | પ્રોજેકટ પીરીયડ | : | |
| ૬. | પ્રોજેકટ શરૂ થયા તારીખ | : | |
| ૭. | અ. પ્રોજેકટની જોગવાઇ | : | |
| | બ. પ્રોજેકટની વાર્ષિક જોગવાઈ | : | |
| ૮. | નાણાકિય વર્ષમાં યુનિટ અધિકારી તથા ઉપાડ અને ચુકવણાં અધિકારી તથા હિસાબી અધિકારી(પી.એફ./પેન્શન)ની સહિવાળું આવક તથા ખર્ચનું પત્રક સામેલ રાખવું (પગાર-ભથ્થાં+રીકરીંગ+નોન રીકરીંગ+બાંધકામ: કોમ્પોનંટવાઈઝ દર્શાવવી) | : | |
| | (અ) ઉઘડતી સિલક (રીવેલીડેટ કરેલ ગ્રાન્ટ અત્રેના દ.હુ.ની નકલ સહિત) | : | |
| | (બ) (૧) ફાળવેલ ગ્રાન્ટ | : | |
| | (૨) આવક | : | |
| | કુલ:- | : | |
| | (ક) થયેલ ખર્ચ(કોલમ-૮) મુજબ | : | |
| | (ડ) બચત રહેલ / રીવેલીડેટ કરવાની રકમ (કોમ્પોનંટવાઈઝ દર્શાવવું) | : | |
| ૯. | યોજનાના હેતુઓ સબબ બચત ગ્રાન્ટ રીવેલીડેટ કરવા અંગેના કારણો | : | |
| ૧૦. | યુનિટ અધિકારીશ્રીનો અભિપ્રાય | : | |
| ૧૧. | રીવેલીડેશન માટે ફંડીગ એજન્સીની મંજુરી જરૂરી હોય તો તે અંગે કરેલ કાર્યવાહીની સંક્ષિપ્ત વિગતો | : | |
| ૧૨. | ૧૨મી પંચવર્ષિય યોજનામાં આ યોજના ચાલુ રાખવાના સંશોધન નિયામકશ્રીનો હુકમ / અભિપ્રાય | : | |

પ્રોજેકટ ઇન્ચાર્જ

યુનિટ અધિકારી

ગ્રાન્ટ રીવેલીડેટ કરવા ભલામણ છે.

સંશોધન નિયામક/વિસ્તરણ શિક્ષણ નિયામક